# કવિ શ્રી શિવરામ ત્રિપાઠી રચિત 'નક્ષત્રમાલા'

ડૉ. સુરેખા કે. પટેલ
સંસ્કૃત વિભાગ
જી.ડી.મોદી આર્ટસ્ કોલેજ, પાલનપુર.

'કાવ્યમાલા' સિરીઝના પાંચમા ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'નક્ષત્રમાલા' કૃતિના કર્તા કવિશ્રી 'શિવરામ ત્રિપાઠી' શ્રી ત્રિલોકચન્દ્રના પુત્ર, કૃષ્ણરામના પુત્ર હતા. આ શિવરામ ત્રિપાઠી ખ્રિસ્તી સંવતના અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં જન્મેલા નાગેશભટ્ટથી પણ અર્વાચીન છે. તેથી, અહીં તેઓ 'નક્ષત્રમાલા' ઉપરની 'લક્ષ્મીવિલાસ' નામની ટીકામાં તેમણે રચેલા 'परिभाषेन्दुशेखर'નું સ્મરણ કરે છે. તેઓએ પોતે જ નીચે મુજબના ગ્રંથો ટીકાની સમાપ્તિમાં ગણાવ્યા છે. ૧.'कादम्बरीटीका', ૨. 'दशकुमारचरितटीका', ૩. 'नक्षत्रमालासटीका', ૪. 'रसरत्नहारः सटीकः' અને ૪. 'वासवदत्ताटीका' આ પાંચેય ગ્રંથો અત્યારે પણ ઉપલબ્ધ છે. આ કૃતિની 'લક્ષ્મીવિલાસ' નામની ટીકા તેમણે પોતે રચેલી છે. તેમણે પાંચ કાવ્યો, પાંચ ટીકાઓ, સત્તર ઉણાદિકોશની રચના કરી છે. કૃતિના અંતિમ પદ્યમાં કવિએ 'विद्याविलास'નો પણ ઉલ્લેખ કર્યો. છે. કવિશ્રીએ અંતિમ બે પદ્યોની ટીકામાં કહ્યું છે,આ ગ્રંથ ચારિત્ર્યશીલ વિદ્વાનોના આનંદ માટે બની રહો.

કવિશ્રી શિવરામ ત્રિપાઠીની 'नक्षत्रमाला'કૃતિ એકત્રીસ પદ્યોમાં રચાયેલી છે. 'नक्षत्रमाला' એક અલંકાર છે. ગળામાં પહેરવાના આ પ્રકારના હારમાં સત્તાવીશ રત્નો હોય છે. જેવી રીતે ચન્દ્રમા સત્તાવીશ નક્ષત્રોથી શોભે છે, તેમ આ 'नक्षत्रमाला' પંડિત કંઠમાં શોભે છે. (પદ્ય-૩૦) આ કૃતિના અંતિમ પદ્ય (૩૧) માં તેમણે પોતાનો પરિચય આપ્યો છે. આ કાવ્યની વિશિષ્ટતા એ છે કે આ કાવ્યમાં વ્યાકરણના સિદ્ધાંતોનું દિશાસૂચન કરવામાં આવ્યું છે અને અંતે શિવ અને રામની કૃપાથી લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરો એવી શુભેચ્છા પણ કવિએ પાઠવી છે.

'नक्षत्रमाला' કૃતિને આરંભે કવિએ બે પદ્યોમાં ગંગા અને શબ્દવિદ્યાનું ઈષ્ટસિદ્ધિ માટે ચિંતન કર્યું છે અને શિવપાર્વતી તેમજ શેષાવતાર લક્ષ્મી સાથે શોભતા રામની સ્તુતિ કરી, કવિએ મંગલ કર્યું છે. તેમણે કરેલી શિવ-પાર્વતીની સ્તુતિ તેમજ શેષાવતાર લક્ષ્મી સાથે શોભતા રામની સ્તુતિથી શૈવ અને વૈષ્ણવ પરંપરાના કવિ હોવાનું જણાઈ આવે છે.

ત્યાર બાદ કવિશ્રીએ શૃંગાર સાથે પાણિનીય વ્યાકરણને સુંદર રીતે ગૂંથી લીધું છે. ગોત્રસ્ખલન સાથે પાણિનીય સૂત્ર સમજવામાં થયેલી ભૂલ વ્યાખ્યાનથી દૂર થાય છે, તે માનવતી નાયિકાના આલેખન સાથે જોડી દીધું છે (પદ્ય-૨) તો ખંડિતા નાયિકાને કોઈ એક ભાગમાં વિકૃતિ હોવાથી બદલાઈ જતી નથી, એવી વ્યાકરણની પરિભાષા પણ અહીં વણી લીધી છે. (પદ્ય-૩) ચોથા પદ્યમાં અનુનય કરવા છતાં ગુસ્સે થયેલી નાયિકાના વર્ણનમાં 'लक्ष्ये लक्षणं सकृदेव प्रवर्तते ।'ની વ્યાકરણ પરંપરા આપી છે.પાંચમા પદ્યમાં ગૌણી લક્ષણાથી પરકીયા નાયિકા અન્યના સંભોગથી દુઃખી થયેલી જણાવવા 'ગૌવાહીક લક્ષણા' અને 'परिभाषा' નો પ્રયોગ કરેલો છે, તો ગુણોને ગ્રહણ કરનારી નારીના વર્ણનમાં 'गुणीभूतशास्त्र' અવયવ તરીકે બતાવ્યું છે અને 'प्रनिरदारयती' વગેરેમાં વ્યાકરણનો અનિત્ય પ્રયોગ વણી લીધો છે. (પદ્ય-૬) આઠમા પદ્યમાં ક્રીડાના અંતે નાયિકાને અંગ કાર્ય થયું હોય ત્યાં ફરીથી અંગકાર્ય થતું નથી, એમ કહી 'ह्रस्वस्य गुणः' દ્વારા હ્રસ્વવિધાન સામર્થ્ય દર્શાવ્યું છે. માનિની દૂતીને પાછી કાઢે છે ત્યાં દ્વિગુણ સમાસમાં 'द्विगोर्लुक्' लुक् પ્રત્યય દ્વારા થતું વિધાન દર્શાવી દ્વિગુસમાસ

નપુંસકલિંગી હોય છે, તે બતાવે છે. (પદ્ય-૯) દસમા પદ્યમાં નાયકને ઠપકો આપતી દૂતી નાયકને 'उणादि' કહે છે. 'सूनः'ના આદેશ દ્વારા સમાસાન્તવિધિનું અનિત્યત્વ અગિયારમાં પદ્યમાં આપ્યું છે. અહીં, ટીકાના આધારે કહી શકાય કે 'વિદ્યાવિલાસ'નામનો વ્યાકરણનો ગ્રંથ આ કવિનો હોઈ શકે.

નાયિકાના માનબીજના આલેખનમાં 'उणादि' શબ્દોમાં આગમોની અનિત્યતા બતાવી છે. (પદ્ય-૧૨) તો વેશ્યાના વર્ણનવાળા તેરમા પદ્યમાં 'अर्थवद्ग्रहणे नानर्थकस्य' નો પ્રયોગ કરી વિશિષ્ટરૂપ સિદ્ધ કરવામાં અર્થ વિશેષણના અન્વયનું મહત્ત્વ બતાવાયું છે. પદ્ય ચૌદમાં, ગોત્રસ્ખલન અનુકરણ પ્રકૃતિને 'प्रकृतिवदनुकरणं भवति' નિયમ ગૂંથેલો છે, તો વિશ્વાસ આપવામાં સંજ્ઞા વિધિમાં પ્રત્યયગ્રહણ પ્રસંગે અંતગ્રહણ થાય નહિ, તેમ દર્શાવ્યું. છે. (પદ્ય-૧૫) સોળમા પદ્યમાં અનુદાત્તમાં 'इत्व' ને આત્મનેપદમાં અનિત્ય જાણ, એમ કહી ઉદાત્ત એટલે 'દાનવીર' અને અનુદાત્ત એટલે આત્મનેપદમાં 'અનિત્ય લક્ષણ ધરાવનાર' બતાવ્યું છે.

પ્રેમગર્વિતાના વર્ણનના સત્તરમા પદ્યમાં દ્વન્દનો એક ભાવ વિકલ્પ્યો હોય છે.'सर्वो द्वन्द्वो विभाषैकद्वद्भवति' પરંતુ સ્વમિથુનપ્રાપ્તનો એ અપવાદ છે. આમ, 'इतरेतरद्वन्द्व' અને 'समाहारद्वन्द्व' વચ્ચેનો ભેદ કવિએ દર્શાવ્યો છે. તો અઢારમા પદ્યમાં ગુણોને ભેદજનક વ્યાવર્તક કહ્યા છે. ઓગણીસમા પદ્યમાં 'अकृतव्यूहाः पाणिनीयाः' ની છાયા વર્તાય છે. વીસમા પદ્યમાં કવિએ વ્યાકરણની સાથે 'विधिसन्निपात' ને અહીં વિષય બનાવ્યો છે અને એકવીસમા પદ્યમાં સંજ્ઞાપૂર્વક વિધિ 'ओर्गुणः' માં થતું અનિત્યત્વ કવિએ દર્શાવ્યું છે તો બાવીસમા પદ્યમાં 'पर्जन्य' શબ્દને મેઘ અને ઈન્દ્ર બંને માટે પ્રયોજ્યો છે. કવિએ ત્રેવીસમા પદ્યમાં વ્યાકરણમાં પહેલાં અપવાદ અને પછી નિન્દાને વળી લેતાં નિન્દાને ત્યજતાં ખિન્ન થયેલી નાયિકાનું આલેખન કર્યું છે. ચોવીસમા પદ્યમાં 'अनित्यगणकार्य' નો ઉલ્લેખ છે. કવિએ પચ્ચીસમા પદ્યમાં 'वार्णादाङ्गंबलीयः' વર્ણસંબંધી કાર્ય કરતાં અંગ સંબંધી કાર્ય બળવાન છે, એવું બતાવી અંતરંગ સવર્ણના દીર્ઘત્વની અસિદ્ધિ દર્શાવી છે. કવિએ છવ્વીસમા પદ્યમાં 'ज्ञापकविधि' સત્તાવીસમા પદ્યમાં 'योगविभाग,' અઠ્ઠાવીસમા પદ્યમાં થતો 'अवादेश' અને ઓગણત્રીસમા પદ્યમાં 'स्वामीश्वराः' સૂત્રથી છઠ્ઠી કે સાતમી વિભક્તિનું વિધાન દર્શાવ્યું છે.

કવિશ્રી શિવરામ ત્રિપાઠી રચિત આ 'नक्षत्रमाला' નામના આ નાનકડા કાવ્યમાં વ્યાકરણ, સાહિત્ય અને અલંકારશાસ્ત્રની સુંદર ગૂંથણી જોવા મળે છે. કવિએ ઉપજાતિ, પથ્યાઆર્યા, યુગ્મવિપુલા, અનુષ્ટુપ, ગીતિ, ઉપગીતિ, ઉદ્ગીતિ અને આર્યા જેવા છંદો પ્રયોજ્યા છે. શ્લેષ, યમક, કાવ્યલિંગ, યથાસંખ્ય, આર્થીધર્મલુપ્તોપમા, આર્થી લુપ્તોપમા, શ્રૌતીપૂર્ણોપમા, સારઅલંકાર, ઉપગીતિ, પરિકર, હેતુઅલંકાર, પરિસંખ્યા, ઉપમા જેવા અલંકારોનો વિન્યાસ કવિનું અલંકાર પ્રભુત્વ દર્શાવે છે.

કવિશ્રીએ ઉપરોક્ત છંદ અને અલંકાર કયાં કયાં પદ્યમાં પ્રયોજ્યા છે, તે નીચે મુજબ છે.

| | છંદ | | પદ્ય |
|---|---|---|---|
| ૧. | ઉપજાતિ | - | ૧, ૩, ૮, ૧૪, ૨૨, ૨૮,૩૧ |
| ૨. | પથ્યાર્યા | - | ૨ |
| ૩. | યુગ્મવિપુલા | - | ૪ |
| ૪. | અનુષ્ટુપ | - | ૫,૬,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૭,૧૮,૨૧,૨૪,૨૫,૩૦ |
| ૫. | ગીતિ | - | ૧૫ |
| ૬. | ઉપગીતિ | - | ૧૬ |

૭. ઉદ્ગીતિ - ૧૯,૨૬
૮. આર્યા - ૨૩,૨૭,૨૯
૯. પ્રમાણિકા - ૨૦

**અલંકાર - પદ્ય**

૧. યમક-૧
૨. ઉપમા-૨૦
૩. શ્રૌતી પૂર્ણોપમા-૨
૪. આર્થીલુપ્તોમા-૧૦
૫. આર્થીધર્મલુપ્તોમા-૮
૬. શ્લેષ - ૨,૩૦
૭. કાવ્યલિંગ-૩,૧૬,
૮. સાર-૮
૯. પરિકર-૧૬
૧૦. પરિસંખ્યા-૧૭

માનવતી, નાયકનું ગોત્ર સ્ખલન, ખંડિતા નાયિકા, નાયકનો અનુનય ધૃષ્ટનાયક, નાયિકાની સહાયક દાસી, સંભોગ શ્રૃંગાર, નાયિકાનું માનબીજ, સ્વાધીનપતિકા નાયિકાને કરાતી સંજ્ઞા, સખી દ્વારા નાયિકાને સાંત્વના વગેરે કવિએ અલંકારશાસ્ત્રના નાયક-નાયિકા વિચારને અહીં, સુંદર રીતે ગૂંથી લીધો હોવાથી આ નાનકડું કાવ્ય 'શાસ્ત્ર-કાવ્ય' છે, એમ કહી શકાય.

## सन्द्रर्भग्रन्था

१. 'नक्षत्रमाला' :कविश्री शिवराम त्रिपाठी
२. प्रकाशक : पाण्डुरङ्गजावजी (काव्यमाला, पञ्चम गुच्छकः) निर्णयसाग प्रेस, बम्बई, संस्करण - तृतीय, १९३७